Extra No. 178

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, July 06, 2026 / ASADHA 15, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(એસ)

File No: KHD/MAG/e-file/450/2026/2061/MAG BRANCH.- એસ.આર.પી (રાજય અનામત પોલીસ દળ) ગ્રુપ-૭ નડીઆદનાઓને મરીડા ખાતે તૈયાર ફાયરીંગ બટમાં ગુજરાત રાજયના પોલીસ, એસ.આર.પી તથા અન્ય ફોર્સના જવાનો ફાયરીંગ પ્રેકટીસ કરી શકે તે હેતુથી ફાયરીંગ બટને ઉપયોગમાં લેવાની મંજુરી માંગેલ છે. તથા ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન કોઈ જીવને જાનહાની ન થાય તેમજ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના પગલા રૂપે ફાયરીંગ રેન્જની આસપારાના વિસ્તારમાં માણસ તથા ઢોરની પ્રવેશબંધી જાહેર કરવા માટે અત્રે પત્ર ક્રમાંક:વહટ-૧/મ.ફા. બટ/જાહેરનામું/૨૩૬૪/૨૦૨૬ તા.૦૯/૦૬/૨૦૨૬ થી દરખાસ્ત કરેલ છે. આ-હકીકતે ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન કોઈ જીવને જાનહાની ન થાય તેમજ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના પગલા રૂપે ફાયરીંગ રેન્જની-આસપાસના વિસ્તારમાં માણસ તથા ઢોરની પ્રવેશબંધી જાહેર કરવાની થાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા - નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(એસ)થી મને મળેલ સત્તાની રૂઈએ મરીડા, તા.નડીઆદ (ગ્રામ્ય) ખાતેની ફાયરીંગ બટના ફાયરીંગ રેન્જના વિસ્તારની ૫૦૦ મીટરની ત્રિજયામાં તા.૦૧/૦૭/૨૦૨૬ થી -તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) હથિયારી ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન મનુષ્યોની પોતાની તથા જાનવરો સાથેની અવર-જવર તેમજ જાનવરો - ફરતા છુટા મુકવાના કૃત્યો અને જાહેર ઉપયોગ માટે આથી પ્રતિબંધ ફરમાવું છુ.

સદરહું પ્રેક્ટીસ દરમ્યાન જાહેર જનતાએ ફાયરીંગ રેન્જમાં વિના પરવાનગીએ પ્રવેશ કરવો કે કરાવવો નહીં તથા પોતાના આશ્રિત પશુઓને સ્થળથી દુર રાખવા તથા સદરહું જગ્યાએ પશુઓ અવર-જવર ન કરે તેની તકેદારી રાખવી ફાયરીંગની પ્રેકટીરા દરમ્યાન બહારના કોઈપણ માણસો, પશુ વગેરે પ્રવેશે નહી તેની તકેદારી રૂપે સેનાપતિશ્રી, રાજય અનામત પોલીસ દળ (એસ.આર.પી) ગ્રુપ-૭, નડીઆદએ વ્યવસ્થા ફાયરીંગ કેમ્પની આજુબાજુના વિસ્તારમાં રાખવાની રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ તથા ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેડા-નડીયાદ, તા.૩૦/૦૬/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)

File No: KHD/MAG/e-file/450/2026/2070/MAG BRANCH.-તા.૧૬/૦૭/૨૦૨૬ નારોજ રથયાત્રા તહેવાર, (૨) તા.૨૫/૦૭/૨૦૨૬ થી તા.૩૧/૭/૨૦૨૬ દરમ્યાન ગૌરીવ્રત, જયાપાર્વતી વ્રત તહેવાર, (૩) તા.૨૯/૦૭/૨૦૨૬ નારોજ ગુરુપૂર્ણિમા, (૪) તા.૨૯/૦૭/૨૦૨૬ નારોજ શ્રી રણછોડરાયજી મંદિર-ડાકોર, શ્રી સ્વામીનારાયણ મંદિર-વડતાલ અને શ્રી સંતરામ મંદિર-નડીઆદ ખાતે અષાઢસુદ પૂનમ લોકમેળા તેમજ વીઆઈપીશ્રી અને મહાનુભાવશ્રીનાઓના ખેડા જિલ્લા હદ વિસ્તારના પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરાં પગલાં રૂપે તા.૦૧/૦૭/૨૦૨૬ થી તારીખ.૩૧/૦૭/૨૦૨૬ દરમ્યાન ખેડા જિલ્લા હદ વિસ્તારમાં હથિયાર બંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓએ તા.૨૫/૦૬/૨૦૨૬ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/હથિયાર જાહેરનામું/૦૭/૭૬૪/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓની ઉકત દરખાસ્ત અમોને ઉચિત અને આવશ્યક જણાયેલ છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા.૦૧/૦૭/૨૦૨૬ થી તા.૩૧/૦૭/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

1) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા કોઈપણ જાતના ચપ્પુ (અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા) સાથે રાખી ફરવાની અને તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

2) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

3) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

4) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું.

5) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લે-કાર્ડો અથવા બીજા કોઈપણ, પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

વિસ્તાર:- સમગ્ર ખેડા જિલ્લો

અપવાદ:- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

1) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

2) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા:- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીયાદ, તા.૩૦/૦૬/૨૦૨૬

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હુકમ મુજબ

File No: KHD/MAG/e-file/450/2026/2091/MAG BRANCH.-નડીઆદ-મોડાસા લાઈન પર ફાટક ક્રમાંક નં.૩૧ ને સમારકામ કરવાના કામે બંધ રાખી સદર ફાટક પરથી પસાર થનારા વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ઉકત ફાટક પરના ટ્રાફિકને વૈકલ્પિક માર્ગ ઉપર ડાઈવર્ટ કરતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સિનિયર સેકશન ઈજનેરશ્રી (વર્કસ), નડિઆદ, વે.રેલ્વેનાઓએ તેઓના તા.૨૦/૦૬/૨૦૨૬ ના પત્ર થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/રે.ફા.નં.૩૧/જાહેરનામું/૭૬૫/૨૦૨૬, તા.૨૫/૦૬/૨૦૨૬ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન--વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અહેવાલ રજૂ કરેલ છે. સિનિયર સેકશન ઈજનેરશ્રી (વર્કસ), નડિઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૩/૦૭/૨૦૨૬ સ.ક.૦૮-૦૦ થી તા.૦૫/૦૭/૨૦૨૬ સ.ક.૨૦-૦૦ ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) મહુધા ચોકડીથી વડથલ ફાટક થઈ કઠલાલ ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર

2) કઠલાલ ચોકડીથી વડથલ ફાટક થઈ મહુધા ચોકડી તરફ આવતો તમામ વાહન વ્યવહાર

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) મહુધા ચોકડીથી વડથલ ફાટક થઈ કઠલાલ ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર

- મોટા તમામ વાહનો મહુધા ચોકડીથી ડાકોર રોડ, અલીણા ચોકડીથી ડાબી બાજુ વળી મહીસા, સીતાપુરા પાટીયાથી અમદાવાદ-ઈન્દરો રોડ થઈ આગળ તરફ જઈ શકશે.

- ફોર વ્હીલર નાના વાહનો /ટુ વ્હીલર નાના વાહનો મહુધા ચોકડીથી રૂપપુરા, બલોલ થઈ મીનાવાડા, ફલોલી, ભાનેર થઈ આગળ તરફ જઈ શકાશે તથા મહુધા ચોકડીથી ફીણાવ ભાગોળથી ડુસર ગામ, રામના મુવાડા, પીર ભડીયાદ રસ્તે થઈ આગળ તરફ જઈ શકાશે.

2) કઠલાલ ચોકડીથી વડથલ ફાટક થઈ મહુધા ચોકડી તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

- કઠલાલ ચોકડી તરફથી મહુધા ચોકડી તરફ આવતા નાના ફોર વ્હિલર વાહનો કઠલાલ ચોકડીથી મહુધા રોડ તરફ ભાનેર પાટીયાથી ફલોલી, મીનાવાડા થઈ મહુધા થઈ આગળ તરફ જઈ શકાશે.

- કઠલાલ ચોકડી તરફથી મહુધા ચોકડી તરફ આવતા મોટા ભારે વાહનો કઠલાલ ચોકડીથી લાડવેલ ચોકડી રોડ તરફ સીતાપુર પાટીયાથી જમણી બાજુ વળી અલીણા ચોકડીથી જમણીબાજુ વળી મહુધા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે. ઠલાલથી અમદવાદ રોડ તરફ પીઠાઈ ગામ, રૂદણ ચોકડી, અકલાચા ચોકડી, સિંહુજ ચોકડી થઈ મહુધા ચોકડી થઈ નાગળ તરફ જઈ શકાશે.

શિક્ષા -- હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય હેતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા રેલ્વે વિભાળા, આદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા-નડીયાદ, તા.૩૦/૦૬/૨૦૨૬

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 17:13:30 IST